**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૭/૦૬/૨૦૧૭ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૩૨૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૨૪૬ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ સ્કૂટર અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૧૩૨૩/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** વ્રજેશભાઇ મહેશભાઇ પટેલ (ઉ.વ.૨૭) (રહે. સુર્યમ બંગ્લોઝ મંગલદીપ પાર્ટી પ્લોટ સામે સોલા ગામ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૬/૧૭ રાતના ૯/૪૫ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન માંગ્લય વાટીકા પાર્ટી પ્લોટમા દરવાજાની સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી બાબરીના પ્રસંગ દરમ્યાન આવેલ પૈસાના બંધ કવર જેમા રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૨૪/૧૭**

શહેરકોટડાઃ રામસ્નેહી સ/ઓ રામકિશોર નિષાદ (ઉ.વ.૫૦) (રહે, ભાટીની ચાલી રાજસ્થાન વિડીયો પાછળ પ્રેમનગર મેમ્કો) તા.૨૬/૬/૧૭ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નરોડા રોડ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના એ.ટી.એમ.નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) પુરૂષ રામસ્નેહી નિષાદના હાથમાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રામસ્નેહી નિષાદે શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૫/૧૭**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** આકાશગીરી મુકેશગીરી ગૌસ્વામી (ઉ.વ.૧૭) (રહે. ઉમીયાધામ સોસાયટી નવયુગ હાઇસ્કુલ બાજુમા નવા નરોડા) એ અગમ્ય કારણ સર તા.૨૬/૬/૧૭ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા ગાંધીબ્રીજ નીચે ઘાટ નંબર-૭ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

**સરદારનગરઃ** રાધાબહેન વા/ઓફ અરુણભાઇ જાધવ (ઉ.વ.૩૯) (રહે. કેકાડીવાસ એ વોર્ડ કુબેરનગર સરદારનગર) તા.૨૪/૬/૧૭ રાતના ૮/૦૦ પોતાના ઘરે પ્રાયમસ ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે પ્રાયમસમાં ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૬/૬/૧૭ કલાક ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિપકકુમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.